**પી. ભારતી** આઈ.એ.એસ.
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર,
સર્વ શિક્ષા અભિયાન અને
પ્રાથમિક શિક્ષણ

**ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ**
સર્વ શિક્ષા અભિયાન (એસએસએ)
સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ, સેક્ટર-૧૭
ગાંધીનગર-૩૮૨૦૧૦, ગુજરાત.
ફોન : (૦૭૯) ૨૩૨ ૪૩૧૩૩ ફેક્સ : ૨૩૨ ૩૮૪૦૪
E-mail: spdssa@gmail.com
Toll Free No 1800-233-7965

ક્રમાંક : SSA/MIS-PAT/૨૦૨૦/ ૭૩૨૯૬-૩૩૬ તા.૨૮/૯/૨૦૨૦

પ્રતિ,
શ્રી જિલ્લા પ્રોજેક્ટ કો. ઓર્ડીનેટર અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા: તમામ
શાસનાધિકારી- અમદાવાદ,રાજકોટ,વડોદરા,સુરત

વિષય: રાજ્યની પ્રાથમિક શાળાઓમાં ધો. ૩ થી ૮ માટેની એકમ કસોટીની બુકમાંથી સ્કેનીંગ મારફતે એન્ટ્રી કરવા બાબત

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, છેલ્લા ૩ વર્ષમાં રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓમાં શિક્ષણનું સ્તર સુધારવા તથા વિદ્યાર્થીવાર લર્નીંગ આઉટકમ જાણવાના હેતુસહ ધો. ૩ થી ૮ માટે એકમ કસોટીનું આયોજન કરવામાં આવેલ છે. અગાઉના વર્ષની જેમ આ વર્ષે પણ PATકાર્યક્રમ અંતર્ગત ધોરણ ૩ થી ૮ ના તમામ વિષયના વિદ્યાર્થીવાર તથા પ્રશ્નવાર ડેટા કેપ્ચર (ગુણ/પરીણામ) મેળવવાનુ થાય છે. સદર કામગીરી SaralData મોબાઇલ એપ્લીકેશનના માધ્યમથી શાળા કક્ષાએ સ્કેનીંગ પ્રોસેસ વડે કરવાની રહેશે જેની વિગતે માર્ગદર્શિકા આ સાથે સામેલ છે. એકમ કસોટી (PAT) અંતર્ગત શાળાકક્ષાએ સ્કેનીગને લગતી તમામ બાબતોનું મોનીટરીંગ સી.આર.સી. કો-ઓર્ડિનેટરે કરવાનું રહેશે. એકમ કસોટી (PAT) અંતર્ગત તમામ શાળાઓના વિદ્યાર્થીઓના ડેટા આધાર અનેબલ્ડ ડાયસ-ચાઇલ્ડ ટ્રેકિંગ સિસ્ટમ ઉપરથી લેવામાં આવે છે. જે ધ્યાને લેવું. જિલ્લા કક્ષાએથી ટેકનીકલ સમસ્યાઓનુ નિવારણ, ડેટા મોનીટરીંગ અને સદર કામગીરી નિયત થયેલ સમય મર્યાદામાં પૂર્ણ થાય તે અંગેની સઘળી જવાબદારી જિલ્લા એમ.આઇ.એસ. કો-ઓર્ડિનેટરની રહેશે.

બિડાણ: એકમ કસોટી માર્ગદર્શિકા

(પી. ભારતી)

---

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જિલ્લાની તમામ પ્રાથમિક શાળાઓ,
સુરત.
રા-જાણ તથા અમલ થવા સારૂ...

તા:-૨૮-૧-૨૦૨૦

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિલ્લો, સુરત.

# એકમ કસોટી અંતર્ગત માર્કસ સ્કેન કરવા માટે ધ્યાનમાં રાખવાની અગત્યની સૂચનાઓ

1. Google play store પરથી SaralData એપ્લીકેશન ડાઉનલોડ કરી શકશો. આપ નીચે આપેલ લીંકમાં ક્લીક કરવાથી પણ ડાઉનલોડ કરી શકશો. ( )
2. શિક્ષકો અને વિદ્યાર્થીઓની ઓનલાઈન હાજરી માટે Online Attendance System Portal માં જે username અને password નો ઉપયોગ કરો છે તે જ username અને password નો ઉપયોગ કરી એપ્લીકેશનમાં login થવાનું રહેશે.
3. એકમ કસોટીની પુસ્તિકામાં આપેલા કોષ્ટકમાં વિદ્યાર્થીઓના યુનિક આઈડી સામે આપેલા ખાનાંમાં વિદ્યાર્થીના UID ના છેલ્લા 7 અંક લખવાના રહેશે. તેમજ પ્રશ્નક્રમ અને ગુણ નીચે આપેલા વર્તુળમાં વિદ્યાર્થીએ તે પ્રશ્નમાં મેળવેલા ગુણની સંખ્યાનું વર્તુળ ઘાટું કરવાનું રહેશે.
4. એકમ કસોટીના કોષ્ટકમાં આપેલ વર્તુળમાં ઘાટું કરતી વખતે નીચેની બાબતો ધ્યાનમાં રાખવી.

   સદર પ્રશ્નમાં મેળવેલ ગુણની સંખ્યાંના વર્તુળમાં સંપૂર્ણ ઘાટું કરવું.

   - વર્તુળમાં ઘાટું કરવાની સાચી રીત




   - વર્તુળમાં ઘાટું કરવાની ખોટી રીત




- એકજ પ્રશ્નમાં એકથી વધુ વર્તુળ ઘૂંટવા નહી.
- કોઈ પણ વર્તુળ અધૂરું રહે તેમ ન ઘૂંટવું.
- એકપણવર્તુળ ખાલી છોડવું નહી.